# રાજ્ય પરીક્ષા બોર્ડ,ગુજરાત રાજ્ય, સેક્ટર-૨૧,ગાંધીનગર

"(સ્પેશ્યલ એજ્યુકેટર) ખાસ શિક્ષક યોગ્યતા કસોટી-II (Sp.TET-II)-2025 પરીણામ જાહેરનામું"

"(Special Educator) Special Teacher Eligibility Test-II (Sp.TET-II)-2025 Result Notification"

જાહેરનામાં ક્રમાંક:રાપબો/Sp.TET-II/2025/12854-977 તા:07/11/2025

નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણના તા.૧૩/૧૨/૨૦૨૪ પત્ર ક્રમાંક:પ્રાશિનિ/વિસભ/૨૦૨૪/૩૨૭૬ તેમજ નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરીના તા.૨૭/૦૨/૨૦૨૫ના પત્ર ક્રમાંક:DSD/0305/02/2025 થી "(સ્પેશ્યલ એજ્યુકેટર) ખાસ શિક્ષક યોગ્યતા કસોટી-II (Sp.TET-II)-૨૦૨૫" નું આયોજન કરવા રાજ્ય પરીક્ષા બોર્ડને જણાવવામાં આવેલ છે.

શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૧૭-૦૨-૨૦૨૩ના નોટીફિકેશન No.KH /SH.07/PRE/ 112022/SF-15/K, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક:પીઆરઇ-૧૧૨૦૨૩/સી.ફા.-૧૫/ક તા.૧૭/૦૨/૨૦૨૩ અને શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર ઠરાવ ક્રમાંક:પીઆરઈ-૧૧૨૦૨૩/સી.ફા.-૧૫/ક/ન તા.૧૬/૦૯/૨૦૨૩ મુજબ નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિ અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના નિયંત્રણ હેઠળની પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા દિવ્યાંગ બાળકો માટે ધોરણ ૧ થી ૫ના ખાસ શિક્ષકો(સ્પેશ્યલ એજ્યુકેટર) માટેની સરખા ક્રમાંકના સુધારા ઠરાવ તથા તેમાં થયેલ વખતો વખતના સુધારાથી ખાસ શિક્ષકો(સ્પેશ્યલ એજ્યુકેટર) નિમણૂંક માટેના ધારા-ધોરણો નિયત થયેલ છે.

નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણની સિંગલ ફાઇલ નં.૧/૨૦૨૩ના અનુસંધાને શિક્ષણ વિભાગ, સચિવાલય ગાંધીનગરના પત્રક્રમાંક:પીઆરઇ/૧૧૨૦૧૨/સીસી-૬૮૭/ક તા. ૧૩-૦૨-૨૦૨૩થી પ્રાથમિક શાળાઓમાં દિવ્યાંગ બાળકો માટેના ખાસ શિક્ષકોની જગ્યા (CP, H.I./S.I., M.D, SLD, I.D/M.R., T.B/ L.V, ASD ની દિવ્યાંગતા કેટેગરી) માટે TET પરીક્ષા આયોજિત કરવા રાજ્ય પરીક્ષા બોર્ડને સુચના આપવામાં આવેલ છે.

શિક્ષણ વિભાગના ઉક્ત પત્રની વિગતે પ્રાથમિક શાળા (ધોરણ ૬ થી ૮)માં ખાસ પ્રાથમિક શિક્ષક/વિદ્યાસહાયક તરીકે નિમણૂંક મેળવવા માટેની જરૂરી લાયકાત મેળવવા આવશ્યક "ખાસ શિક્ષક યોગ્યતા કસોટી-II યોજવા માટે પરીક્ષા રાજ્ય પરીક્ષા બોર્ડ,કસોટી-I યોજવા માટે રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગરને અધિકૃત કરવામાં આવેલ છે.

રાજય પરીક્ષા બોર્ડના તા:31/07/2025 ના જાહેરનામાં ક્રમાંક:રાપબો/Sp.TET-II/2025/9065-9189 તેમજ તા.15/09/2025 ના પરિપત્ર ક્રમાંક:રાપબો/Sp.TET-II/૨૦૨૫૩/૧૦૯૪૪-૧૧૦૬૮ થી રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા પ્રાથમિક શાળા(ધોરણ ૬ થી ૮)માં ખાસ પ્રાથમિક શિક્ષક/વિદ્યાસહાયક તરીકે નિમણૂંક મેળવવા માટેની નિયત લાયકાત ધરાવતા ઉમેદવારો માટે તા:૧૨/૧૦/૨૦૨૫ (રવિવાર) ના રોજ બપોરે 15.00 કલાક થી 17.00 કલાક દરમિયાન અમદાવાદ શહેર, રાજકોટ, વડોદરા અને સુરત ખાતે (સ્પેશ્યલ એજ્યુકેટર) ખાસ શિક્ષક યોગ્યતા કસોટી-II (Sp.TET-II)-૨૦૨૫નું આયોજન કરવામાં આવેલ હતું.

આ પરીક્ષામાં ઉપસ્થિત રહેલ તમામ વિદ્યાર્થીઓની OMR કચેરીની વેબસાઈટ www.sebexam.org પર મુકવામાં આવેલ હતી. પરીક્ષાની પ્રોવિઝનલ આન્સર કી તા:૧૪/૧૦/૨૦૨૫ ના રોજ કચેરીની વેબસાઇટ પર પ્રસિદ્ધ કરવામાં આવેલ હતી અને આ પરીક્ષાના પ્રશ્નપેપરના કોઈ પ્રશ્ન/પ્રોવિઝનલ આન્સર કીનાં ઉત્તર સામે ઉમેદવાર રજૂઆત કરવા માગતા હોય તો ઓનલાઈન પોર્ટલ પર તા.૧૪/૧૦/૨૦૨૫ થી તા.૧૭/૧૦/૨૦૨૫ સુધી તમામ વિગતો ભરીને જરૂરી માન્ય આધારો સાથે અત્રેની કચેરીના ઇ-મેઇલ sebg.query@gmail.com પર મોકલી આપવા સૂચના આપવામાં આવેલ હતી.

ઉમેદવારો દ્વારા પેપરના કોઈ પ્રશ્ન પ્રોવિઝનલ આન્સર કી ઉત્તર સામે મળેલ તમામ રજૂઆતોને તજજ્ઞ સમિતિ સમક્ષ મુકવામાં આવેલ હતી. તજજ્ઞ સમિતિ દ્વારા તમામ રજુઆતો અને આધારોની ચકાસણી કર્યા બાદ આ પરીક્ષાની ફાઈનલ આન્સર કી તા.૨૯/૧૦/૨૦૨૫ ના રોજ કચેરીની વેબસાઈટ www.sebexam.org પર મુકવામાં આવેલ હતી. ત્યારબાદ મળેલ રજુઆતોને ધ્યાને લઇને આ કચેરી દ્વારા પુનઃતજજ્ઞ સમિતિનો અભિપ્રાય મેળવીને સુધારેલ ફાઇનલ આન્સર કી પરીણામ સાથે મુકવામાં આવેલ છે.

રાજય પરીક્ષા બોર્ડ દ્વારા તા.07/11/2025 (શુક્રવાર) ના રોજ "(સ્પેશ્યલ એજ્યુકેટર) ખાસ શિક્ષક યોગ્યતા કસોટી-II (Sp.TET-II)-૨૦૨૫નું પરીણામ જાહેર કરવામાં આવે છે.

## ❖ પરીણામની વિગતો:

**Sp.TET-II Result**

| Register | Absent | Present | Qualified | Result (%) |
|---|---|---|---|---|
| 1933 | 301 | 1632 | 158 | 9.68 |

## ❖ અગત્યની સૂચનાઓ:

- ➢ શિક્ષણ વિભાગના તા.૧૭/૦૨/૨૦૨૩ ઠરાવ કમાંકઃ પીઆરઈ/૧૧૨૦૨૩/સી.ફા.-૧૫/ક મુજબ "(સ્પેશ્યલ એજ્યુકેટર) ખાસ શિક્ષક યોગ્યતા કસોટી-II(Sp.TET-II)-૨૦૨૩ માં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત-વર્ગ, વિકલાંગ અને આર્થિક રીતે નબળા વર્ગો (Economically Weaker Sections-EWS)ના ઉમેદવારોના કિસ્સામાં વિભાગ-૧ અને ૨ બન્નેમાં મળી ઓછામાં ઓછા ૫૫% (૮૨ ગુણ) મેળવેલ હોય તેવા ઉમેદવારોને પાસ જાહેર કરવામાં આવેલ છે. અન્ય ઉમેદવારોના કિસ્સામાં વિભાગ-૧ અને ૨ બન્નેમાં મળી ઓછામાં ઓછા ૬૦% (૯૦ ગુણ) મેળવેલ હોય તેવા ઉમેદવારોને પાસ જાહેર કરવામાં આવેલ છે.
- ➢ ઉમેદવાર પોતાની OMR Sheet ની પુન:ચકાસણી કરાવવા માંગતા હોય તે ઉમેદવાર <u>તા:10/11/2025 થી તા15/11/2025</u> દરમ્યાન કચેરીના કામકાજના દિવસોમાં કચેરી સમય દરમિયાન "રાજ્ય પરીક્ષા બોર્ડ, સરકારી પુસ્તકાલય પાસે, સેક્ટર-૨૧, ગાંધીનગર" ખાતે રૂબરૂ OMR Sheet ની પુન:ચકાસણી કરાવી શકશે. આ માટે ઉમેદવારે પોતાની હોલટીકીટની નકલ તથા OMR Sheetની નકલ સાથે બોર્ડમાં લેખિત અરજી આપવાની રહેશે. (લેખિત અરજી માટેનો નમૂનો આ સાથે સામેલ છે.) આ ઉપરાંત OMR Sheet ની પુન:ચકાસણીની ફી પેટે રૂપિયા ૧૦૦/- રોકડમાં રાજ્ય પરીક્ષા બોર્ડની હિસાબી શાખામાં જમા કરાવવાના રહેશે. **<u>તા.15/11/2025</u>** બાદ OMR Sheet ની પુન:ચકાસણીની કોઇપણ રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહિ.
- ➢ પરીણામ બાબતે વ્યક્તિગત માહિતી, શૈક્ષણિક લાયકાત, અનુભવ તેમજ અન્ય વિગતોની ચકાસણી ભરતી પસંદગી સમિતિ દ્વારા કરવામાં આવશે અને આ અંગે ભરતી પસંદગી સમિતિનો નિર્ણય જ અંતિમ રહેશે.

(પી. કે. ત્રિવેદી)
અધ્યક્ષ
રાજય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

સ્થળ: ગાંધીનગર
તા.૦૭/૧૧/૨૦૨૫

નકલ સવિનય જાણ તથા અમલ સારૂઃ

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ.
- જનરલ મેનેજરશ્રી, ઇન્ડેક્ષ-બી, ઉધોગ ભવન, ગાંધીનગર.

નકલ સવિનય રવાના જાણ સારૂ :

- માન. શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી - શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
- માન. રાજય કક્ષાના શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી - શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
- માન. અગ્ર સચિવશ્રી(પ્રા.મા.શિક્ષણ) ના અંગત મદદનીશ સચિવશ્રી, શિક્ષણ વિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર.
- માન. નાયબ સચિવશ્રી, પ્રાથમિક શિક્ષણ, નવા સચિવાલય, ગાંધીનગર.
- માન. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, વિદ્યાસમિક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯, ગાંધીનગર.
- માન. નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- માન.નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરી, ગાંધીનગર.
- સચિવશ્રી, સર્વ શિક્ષા અભિયાનની કચેરી, ગાંધીનગર.
- પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ.
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ.
- શાસનાધિકારીશ્રી, તમામ.

ઉમેદવારનું નામ:-............................................. બેઠક નંબર:-..........................................

પરીક્ષાનો જિલ્લો:-............................................ પ્રશ્ન પુસ્તિકા નંબર:-................................

પરીક્ષા કેન્દ્રનું નામ :-....................................... પ્રશ્ન પુસ્તિકા કેટેગરી(A, B, C, D,E):-..................

બ્લોક નંબર:-..................................................

મોબાઈલ નં.:-..................................................

પ્રતિ,

સચિવશ્રી,

રાજય પરીક્ષા બોર્ડ

સરકારી પુસ્તકાલય સામે,

સેક્ટર-૨૧, ગાંધીનગર

વિષય:- **Sp.TET-II** પરીક્ષાની OMR Sheetની પુન:ચકાસણી કરાવવા બાબત.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે રાજય પરીક્ષા બોર્ડ દ્વારા તા:૧૨/૧૦/૨૦૨૫ ના રોજ લેવાયેલ પરીક્ષા મેં ઉપર દર્શાવેલ પરીક્ષા કેન્દ્ર અને બ્લોક ખાતે આપેલ છે. તા.૦૭/૧૧/૨૦૨૫ ના રોજ જાહેર કરવામાં આવેલ આ પરીક્ષાના પરીણામમાં મને ......... ગુણ મળેલ છે.

રાજય પરીક્ષા બોર્ડની વેબસાઇટ પર મુકવામાં આવેલ ફાઇનલ આન્સર કી અને મારી OMR Sheetની ચકાસણી કરતા મને........ગુણ મળવાપત્ર થાય છે.

આથી રાજય પરીક્ષા બોર્ડ તા:07/11/2025ના પરીણામના જાહેરનામાં ક્રમાંક:રાપબો/**Sp.TET-II/2025/12854-977** માં સૂચવ્યા મુજબ Sp.TET-I પરીક્ષાની OMR Sheet ની પુન:ચકાસણી કરાવવા મે તા.................. ના રોજ પહોંચનં. ........................થી રૂ! ૧૦૦/- રોકડમાં રાજ્ય પરીક્ષા બોર્ડની હિસાબી શાખામાં જમા કરાવેલ છે. તો મારી Sp.TET-I પરીક્ષાની OMR Sheet ની પુનઃચકાસણી કરી આપવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ

................................

(ઉમેદવારની સહી.)

બિડાણ ૧.હોલટીકીટ ની નકલ

૨.OMR Sheetની નકલ

- **OMR Sheet** ની રૂબરૂ પુન:ચકાસણી બાદ ગુણની સ્થિતિ:(નીચેની વિગત બોર્ડ ખાતે રૂબરૂ પુનઃચકાસણી બાદ ભરવાની રહેશે.)

...........................................................................................................................................

તા:-............................. ઉમેદવારની સહી.................................

સ્થળ:- ગાંધીનગર.